આંક :–
દાખલ થયા તારીખ :–
રજીસ્ટરે લીધા તારીખ:–
નિકાલ તારીખ :–
સમય :–

––––––––––––––

વર્ષ માસ દિવસ

––––––––––––––

––––––––––––––

**નામદાર શ્રી બીજા અધિક સીવીલ જજ સાહેબની અદાલતમાં, અંજાર– કચ્છ.**

––––––––––––––––––––––––––––––––––––

<u>રેગ્યુલર દિવાની દાવા નંબર ૧૯૫/૨૦૧૭</u>

(૧) રાધાબેન સંતરામ કાપડી,
ઉ.વ.૬૬ આશરે,ધર્મ– હિન્દુ , ધંધો–ખેતી ,
રહે. મુળ નવી સુંદરપુરી ગાંધીદામ,
હાલે રહે. મોડવદર, અંજાર– કચ્છ :::::::::::::::વાદી

વિરૂધ્ધ

.......................... ::::::::::::::પ્રતિવાદીઓ

<u>દાવોઃ – ડેકલેરેશન મેળવવાનો</u>

––––––––––––––––––––––––––––––––––––––––

<u>વાદી તરફે –વિ.વકીલ શ્રી ડી.જે.રાવલ/બી.આર.પ્રજાપતિ</u>

<u>પ્રતિવાદીઓ તરફે ––––––––––––––––</u>

# ઠ રા વ

1. આ કામે વાદીની દાવા હકીકત ટુંકમાં એવી છે કે, હાલના વાદી પ્રેમજીભાઇ સંતરામ કાપડી કે જેઓના મરણના ડેકલેરેશનનો દાવો કરેલ છે તેના માતૃશ્રી થાય છે. આ કામે વાદીના પુત્ર નામે પ્રેમજી સંતરામ કાપડી તા.૨/૭/૨૦૦૨ ના રોજ ગાંધીધામ મધ્યેથી ગુમ થયેલ છે અને તેમની હયાતી બાબતમાં કોઈ જ સમાચાર છે નહી અને તેમની હયાતી બાબતમાં ૧૫ વર્ષથી કોઈ જ સમાચાર જાણવા મળેલ નથી કે તેઓ મળી આવેલ નથી. વાદીના પુત્ર ગુમ થયેલ તે અંગેની ગુમ નોંધ વાદીએ તા. ૪/૭/૨૦૦૨ ના રોજ ગાંધીધામ પોલીસ સ્ટેશનમાં કરાવેલ પરંતુ તેઓ આજદીન સુધી પોલીસને તેમનો પતો મળેલ નથી કે તેઓ મળી આવેલ નથી. વાદીના પુત્ર ગુમ થયેલ છે જેના સમાચાર મેળવવા ઘણી તપાસ કરવામાં આવેલ અને વાદીના સગા સંબંધીઓ વિગેરે મારફતે પણ તપાસ કરવામાં આવેલ પરંતુ આજદીન સુધી આ પ્રેમજી સંતરામ કાપડીની કોઈ જ ભાળ મળેલ નથી અને હવે તેઓ મળી આવે તેવી પણ કોઈ જ શક્યતા નથી.

2. વધુમાં વાદીની દાવાઅરજી હકીકતોં મુજબ મોજે મોડવદર, તા.અંજાર–કચ્છની સીમ મધ્યે વાદીની સહહિસ્સેદારીની ખેતીની જમીન રે.સ.નં.૧, જમીન હેક્ટર ૦–૭૮–૯૧ પ્રતિઆરે આવેલ છે અને ઉક્ત જમીનમાં પ્રેમજી સંતરામ કાપડીનું નામ પણ આવેલ જે નામ કમી થયેલ છે પરન્તુ આ જમીન વેચાણ કરવા, બીનખેતી કરવા તથા આ જમીનને સંબંધિત કેટલીક કાર્યવાહી વિગેરે કરવા માટે આ પ્રેમજી સંતરામ કાપડીને મરણ જાહેર કરવા માટે આ દાવાઅરજી દાખલ કરવાની ફરજ પડેલ છે. તે રીતે આ ગુમ થયેલાને મરણ જાહેર કરવામાં ન આવે ત્યાં સુધી આ મિલ્કતનો વહીવટ અટકી પડેલ છે. વાદીની ઉપરોક્ત જમીન અત્રેની કોર્ટની હુકુમતમાં આવેલ છે અને વાદી અત્રેની કોર્ટની હુકુમતના ગામ મોડવદર મુકામે રહીશે છે અને અંજારની મામલતદાર કચેરી દ્વારા આ જમીન સંબંધે વહીવટ કરવા માટે પ્રેમજી સંતરામ કાપડી મરણ ગયેલ છે તે સંબંધે કોર્ટનો હુકમ લાવવાનું જણાવતા આ દાવો અત્રેની કોર્ટની હકુમતમાં દાખલ

કરેલ છે અને તે રીતે આ દાવો ચલાવવા અત્રેની કોર્ટને હકુમત પહોંચે છે અને આ દાવો દાખલ કરવાને કારણ ઉત્પન્ન થયેલ છે. આથી વાદીએ પોતાના પુત્ર પ્રેમજી સંતરામ કાપડીને મરણ જાહેર કરવા માટેની જાહેરાત માંગતો આ દાવો અત્રેની અદાલતમાં દાખલ કરેલ છે

3. વાદીનો આ દાવો રજીસ્ટરે નોંધી આ અંગે તા.૨૦/૦૧/૨૦૧૮ ના કચ્છ મિત્ર પેપરમાં જાહેર નોટીસ પ્રસિધ્ધ કરાવવામાં આવેલી અને આ અંગે વાંધાઓ મંગાવવામાં આવેલ છે જે બાબતે આજદીન સુધી કોઇ વાંધાઓ આ કોર્ટ સમક્ષ રજુ થયેલા નથી. આમ આ કામે સમાચાર પત્રમાં જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા બાદ પણ કોઈપણ વ્યક્તિ આ દાવામાં પ્રતિવાદી તરીકે જોડાયેલ નથી કે વાદીની દાવાઅરજીનો કોઇ પક્ષકારે વાંધો કે વિરોધ કરેલ નથી.

4. વાદીએ પોતાનો દાવો પુરવાર કરવા સારૂ નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે–

**<u>મૌખિક પુરાવા</u>–**

| અનુ. નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | વાદી રાધાબેન સંતરામ કાપડીનું પુરાવાનું સૌગંદનામું. | ૮ |

**<u>દસ્તાવેજી પુરાવા</u>–**

| અનુ. નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | વાદીએ ગુમનોંધ કરાવેલ તે અંગે ગાંધીધામ પોલીસ સ્ટેશને દ્વારા આપેલ પત્ર તા.૨૦/૪/૨૦૧૨ ની ઝેરોક્ષ નકલ. | ૧૯ |
| ૨. | મોડવદર, તા. અંજારના રે.સર્વે નં.૧ ના ૭/૧૧ ની નકલ. | ૧૫ |
| ૩. | વાદીના આધારકાર્ડની ઝેરોક્ષ નકલ. | ૧૬ |
| ૪. | વાદીના ચુંટણીકાર્ડની ઝેરોક્ષ નકલ. | ૧૭ |
| ૫. | જાહેર સમન્સ કચ્છમિત્ર દૈનિકમાં પ્રસિધ્ધ કરાવેલ તે અસલ | ૧૮ |

| | | |
|---|---|---|
| | દૈનિક પેપર. | |
| ૬. | ગાંધીધામ પોલીસ સ્ટેશન તરફથી ગુમ થયેલ વ્યક્તિની હકીકત બાબતેનું તા.૧૭/૦૪/૧૮ આપેલ પત્ર અસલ. | ૧૩ |

5. ઉપરોક્ત હકીકતે આ દાવાના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે–

## મુદ્દાઓ

1. શું વાદી પુરવાર કરે છે તેમનો પુત્ર નામે પ્રેમજી સંતરામ કાપડી તા.૨/૭/૨૦૦૨ ના રોજ ગાંધીધામ મધ્યેથી ગુમ થયેલ છે અને તેમની હયાતી બાબતમાં કોઇ જ સમાચાર છે નહી અને તેમની હયાતી બાબતમાં ૧૫ વર્ષથી કોઇ જ સમાચાર જાણવા મળેલ નથી કે તેઓ મળી આવેલ નથી?
2. શું વાદી પુરવાર કરે છે કે તેમને તથા તેમનાં સગા–સંબંધિઓએ ઘણી તપાસ કરવા છતાં આજદીન સુધી વાદીનું પુત્ર નામે પ્રેમજી સંતરામ કાપડીનો કોઇ માહીતી કે તેમનો પતો મળેલ નથી કે તેઓ મળી આવેલ નથી?
3. શું વાદી તેમની દાવા અરજી આંક–૧ ના પેરા નં.૭ માં માંગ્યા મુજબની દાદ મેળવવા માટે હકકદાર છે?
4. શું હુકમ અને હુકમનામું ?

6. ઉપરોક્ત મુદાઓ પરત્વે આ કોર્ટના નિર્ણય નીચે મુજબ છે–

1. હકારમાં.

2. હકારમાં.

3. હકારમાં.

4. આખરી હુકમ મુજબ.

## કારણો

### મુદ્દા નં.૧ અને ૨ ની ચર્ચાઃ–

7. આ કામે મુદ્દા નં.૧ અને ૨ એકબીજા સાથે સંકળાયેલા હોઈ પુનરાવર્તન ટાળવાના હેતુથી બંને મુદાઓની ચર્ચા એકસાથે કરવામાં આવે છે.

આ કામે વાદી તરફે રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરીએ તો વાદી વ.શ્રી.બી.આર.પ્રજાપતિ તેમની દલીલોમાં જણાવે છે કે વાદીના પુત્ર નામે પ્રેમજી સંતરામ કાપડી તા.૨/૭/૨૦૦૨ ના રોજ ગાંધીધામ મધ્યેથી ગુમ થયેલ છે અને તેમની હયાતી બાબતમાં કોઇ જ સમાચાર છે નહી અને તેમની હયાતી બાબતમાં ૧૫ વર્ષથી કોઇ જ સમાચાર જાણવા મળેલ નથી કે તેઓ મળી આવેલ નથી. વાદીના પુત્ર ગુમ થયેલ તે અંગેની ગુમ નોંધ વાદીએ તા. ૪/૭/૨૦૦૨ ના રોજ ગાંધીધામ પોલીસ સ્ટેશનમાં કરાવેલ પરંતુ તેઓ આજદીન સુધી પોલીસને તેમનો પતો મળેલ નથી કે તેઓ મળી આવેલ નથી. વાદીના પુત્ર ગુમ થયેલ છે જેના સમાચાર મેળવવા ઘણી તપાસ કરવામાં આવેલ અને વાદીના સગા સંબંધીઓ વિગેરે મારફતે પણ તપાસ કરવામાં આવેલ પરંતુ આજદીન સુધી આ પ્રેમજી સંતરામ કાપડીની કોઇ જ ભાળ મળેલ નથી અને હવે તેઓ મળી આવે તેવી પણ કોઇ જ શક્યતા નથી. આ કામે વાદીની સહ હિસ્સેદારીની ખેતીની જમીન રે.સ.નં.૧, જમીન હેક્ટર ૦–૭૮–૯૧ પ્રતિઆરે મુજબ મોજે મોડવદર, તા.અંજાર–કચ્છની સીમ મધ્યે આવેલ છે અને ઉક્ત જમીનમાં પ્રેમજી સંતરામ કાપડીનું નામ પણ આવેલ જે નામ કમી થયેલ છે પરન્તુ આ જમીન વેચાણ કરવા, બીનખેતી કરવા તથા આ જમીનને સંબંધિત કેટલીક કાર્યવાહી વિગેરે કરવા માટે આ પ્રેમજી સંતરામ કાપડીને મરણ જાહેર કરવા માટે આ દાવાઅરજી દાખલ કરવાની ફરજ પડેલ છે. તે રીતે

આ ગુમ થયેલાને મરણ જાહેર કરવામાં ન આવે ત્યાં સુધી આ મિલ્કતનો વહીવટ અટકી પડેલ છે. વાદીની ઉપરોક્ત જમીન અત્રેની કોર્ટની હુકુમતમાં આવેલ છે અને વાદી અત્રેની કોર્ટની હુકુમતના ગામ મોડવદર મુકામે રહીશે છે અને અંજારની મામલતદાર કચેરી ઘ્વારા આ જમીન સંબંધે વહીવટ કરવા માટે પ્રેમજી સંતરામ કાપડી મરણ ગયેલ છે તે સંબંધે કોર્ટનો હુકમ લાવવાનું જણાવતા આ દાવો અત્રેની કોર્ટની હકુમતમાં દાખલ કરવાની ફરજ પડેલ છે. વધુમાં વાદી વ.શ્રી. તેમની દલીલોમાં જણાવે છે કે વાદીના પુત્રનો ૧૫ વરસથી વધુ સમયથી કોઈ પત્તો મળેલ ન હોઈ અને વાદીનો દાવો બીન પડકારેલ હોઈ વાદીનો પુત્ર મરણ ગયેલ છે તેવું જાહેર કરવા અને માંગેલ દાદ મંજુર કરવા વાદી તરફથી દલીલ કરવામાં આવેલ છે.

8. આ કામે વાદીએ આંક–૮ થી સી.પ્રો.કો. ઓર્ડર–૧૮ રૂલ–૪ મુજબ સૌગંદનામા રૂપે સરતપાસ રજુ કરેલ છે જેમાં વાદીએ જણાવેલ છે કે તેમના પુત્ર નામે પ્રેમજી સંતરામ કાપડી તા.૨/૭/૨૦૦૨ ના રોજ ગાંધીધામ મધ્યેથી ગુમ થયેલ છે અને તેમની હયાતી બાબતમાં કોઈ જ સમાચાર છે નહી અને તેમની હયાતી બાબતમાં ૧૫ વર્ષથી કોઈ જ સમાચાર જાણવા મળેલ નથી કે તેઓ મળી આવેલ નથી. વાદીના પુત્ર ગુમ થયેલ તે અંગેની ગુમ નોંધ વાદીએ તા. ૪/૭/૨૦૦૨ ના રોજ ગાંધીધામ પોલીસ સ્ટેશનમાં કરાવેલ પરંતુ તેઓ આજદીન સુધી પોલીસને તેમનો પતો મળેલ નથી કે તેઓ મળી આવેલ નથી. વાદીના પુત્ર ગુમ થયેલ છે જેના સમાચાર મેળવવા ઘણી તપાસ કરવામાં આવેલ અને વાદીના સગા સંબંધીઓ વિગેરે મારફતે પણ તપાસ કરવામાં આવેલ પરંતુ આજદીન સુધી આ પ્રેમજી સંતરામ કાપડીની કોઈ જ ભાળ મળેલ નથી અને હવે તેઓ મળી આવે તેવી પણ કોઈ જ શક્યતા નથી. આ કામે વાદીની સહ હિસ્સેદારીની ખેતીની જમીન રે.સ.નં.૧, જમીન હેક્ટર ૦–૭૮–૯૧ પ્રતિઆરે મુજબ મોજે મોડવદર, તા.અંજાર–કચ્છની સીમ મધ્યે આવેલ છે અને ઉક્ત જમીનમાં પ્રેમજી સંતરામ કાપડીનું નામ પણ આવેલ જે નામ કમી થયેલ છે પરન્તુ આ જમીન વેચાણ કરવા, બીનખેતી કરવા તથા આ જમીનને સંબંધિત કેટલીક કાર્યવાહી વિગેરે કરવા માટે આ પ્રેમજી સંતરામ કાપડીને

મરણ જાહેર કરવા માટે આ દાવાઅરજી દાખલ કરવાની ફરજ પડેલ છે. તે રીતે આ ગુમ થયેલાને મરણ જાહેર કરવામાં ન આવે ત્યાં સુધી આ મિલ્કતનો વહીવટ અટકી પડેલ છે. વાદીની ઉપરોક્ત જમીન અત્રેની કોર્ટની હુકુમતમાં આવેલ છે અને વાદી અત્રેની કોર્ટની હુકુમતના ગામ મોડવદર મુકામે રહીશે છે અને અંજારની મામલતદાર કચેરી ઘ્વારા આ જમીન સંબંધે વહીવટ કરવા માટે પ્રેમજી સંતરામ કાપડી મરણ ગયેલ છે તે સંબંધે કોર્ટનો હુકમ લાવવાનું જણાવતા આ દાવો અત્રેની કોર્ટની હકુમતમાં દાખલ કરવાની ફરજ પડેલ છે. તેથી વાદીએ પોતાના પુત્ર નામે પ્રેમજી સંતરામ કાપડીને મરણ ગયેલ જાહેર કરવા અને તેઓ ગાંધીધામથી ગુમ થયેલ હોય તેમના મરણની નોંધ ગાંધીધામ નગરપાલિકા દફતરે પાડવા હુકમ કરવા તેમની જુબાનીમાં જણાવેલ છે.

9. આ કામે વાદી તરફથી આંક–૧૯ થી વાદીએ ગુમનોંધ કરાવેલ તે અંગે ગાંધીધામ પોલીસ સ્ટેશને ઘ્વારા આપેલ પત્ર તા.૨૦/૪/૨૦૧૨ ની ઝેરોક્ષ નકલ રજુ કરવામાં આવેલ છે જે વંચાણે લેતાં તેમાં વાદીના પુત્ર પ્રેમજી સંતરામ કાપડી તા.૦૨/૦૭/૨૦૦૨ ના ગુમ થયેલ હોય અને તે બાબતે ગુમનોંધ તા.૪/૭/૨૦૦૨ ના ગાંધીધામ પો.સ્ટેશનમાં જાહેર કરવામાં આવેલ છે, તે તપાસની પરિણામ હકિકત માંગતા ત્યાં ના પો.સ્ટેશનમાં સને ૨૦૦૨ નું ગુમ રજીસ્ટર ઉપલબ્ધ ન હોય કોમ્પ્યુટર ડેટા ચેક કરી અને હકીકત આપવામાં આવેલ છે કે, પ્રેમજી સંતરામ કાપડીની ગુમ નોંધ ક્રમ નંબર ૩/૨૦૦૨ થી નોંધાયેલ છે/દાખલ થયેલ છે, જે વ્યક્તિની પુરી તપાસ કરતાં તા.૨૦/૪/૨૦૧૨ સુધીમાં મળી આવેલ નથી જેથી પ્રેમજી સંતરામ કાપડી ને ગુમ થયેલા જાહેર કરી તે બદલ પ્રમાણપત્ર આપેલ છે. ત્યારબાદ ચાલુ દાવા કામે વાદી તરફથી ગાંધીધામ પો.સ્ટેના માહિતગાર અધિકારીને સાક્ષી સમન્સ તરીકે બોલાવવાની અરજી આપવામાં આવેલ અને તે મુજબ સમન્સ ઇશ્યુ કરવામાં આવેલ હતુ જેના અનુસંધાને આંક–૧૩ થી ગાંધીધામ પોલીસ સ્ટેશન તરફથી ગુમ થયેલ વ્યક્તિની હકીકત બાબતેનું તા.૧૭/૦૪/૧૮ વાળો પત્ર અસલ રજુ કરવામાં આવેલ છે જે પત્રમાં પણ ફરીથી ઉપરોક્ત મુજબની હકીકતોનું પુનરાવર્તન સાથે વાદીના પુત્ર પ્રેમજી સંતરામ કાપડી આ પત્રની તા.

૧૭/૦૪/૧૮ સુધીમાં તપાસ કરતા મળી આવેલ ના હોવાનું ઉલ્લેખ કરવામાં આવેલ છે. આ સાથે વાદીએ આંક–૧૫ થી મોડવદર, તા. અંજારના રે.સર્વે નં.૧ ના ૭/૧૧ ની નકલ રજુ રાખવામાં આવેલ છે. આ ઉતારો વંચાણે લેતાં સદરહું જમીનમાં આ કામના વાદી અને બીજા સહહિસ્સેદારોના સંયુક્ત નામે ચાલતા હોવાનું દર્શાવેલ છે. તે ઉપરાંત વાદીએ તા.૨૦/૦૧/૨૦૧૮ ના કચ્છ મિત્ર પેપરમાં જાહેર નોટીસ પ્રસિધ્ધ કરાવેલી અને આ અંગે વાંધાઓ મંગાવવામાં આવેલ છે જે બાબતે આજદીન સુધી કોઇ વાંધાઓ આ કોર્ટ સમક્ષ રજુ થયેલા નથી. આમ આ કામે સમાચાર પત્રમાં જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા બાદ પણ કોઈપણ વ્યક્તિ આ દાવામાં પ્રતિવાદી તરીકે જોડાયેલ નથી કે વાદીની દાવાઅરજીનો કોઇ પક્ષકારે વાંધો કે વિરોધ કરેલ નથી.

10. આમ વાદી પક્ષ તરફથી રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવો જોઇએ તો વાદીના પુત્ર નામે પ્રેમજી સંતરામ કાપડી તા. ૦૨/૦૭/૨૦૦૨ થી એટલે કે આશરે ૧૫ વરસથી વધુ સમયથી ગુમ થયેલ છે અને તેમની શોધખોળનો પુરતો પ્રયત્ન કરવા છતાં આજદીન સુધી તેમનો કોઇ પતો મળેલ નથી તેવી જ રીતે તા.અંજાર–કચ્છની સીમ મધ્યે વાદીની સહહિસ્સેદારીની ખેતીની જમીન રે.સ.નં.૧, જમીન હેક્ટર ૦–૭૮–૯૧ પ્રતિઆરે આવેલ છે અને ઉક્ત જમીનમાં પ્રેમજી સંતરામ કાપડીનું નામ પણ આવેલ જે નામ કમી થયેલ છે પરન્તુ તેમનો કોઇ અતો–પતો મળતો ન હોવાથી આ જમીન વેચાણ કરવા, બીનખેતી કરવા તથા આ જમીનને સંબંધિત કેટલીક કાર્યવાહી અને આ મિલ્કતનો વહીવટ અટકી પડેલ છે. જેથી વાદીને પારાવાર તકલીફ પડતી હોવાનું જણાય છે. વાદીની ઉપરોક્ત જમીન અત્રેની કોર્ટની હુકુમતમાં આવેલ છે અને વાદી અત્રેની કોર્ટની હુકુમતના ગામ મોડવદર મુકામે રહીશે છે અને અંજારની મામલતદાર કચેરી દ્વારા આ જમીન સંબંધે વહીવટ કરવા માટે પ્રેમજી સંતરામ કાપડી મરણ ગયેલ છે તે સંબંધે કોર્ટનો હુકમ લાવવાનું જણાવતા વાદીને હાલનો દાવો લાવવાની જરૂરીયાત ઉભી થયેલ છે.

11. વધુમાં વાદીપક્ષની દલીલ મુજબ ગુમ થનાર તેમનો પુત્ર ગુમ થયેથી ૧૫ વરસ પછી પણ તેઓ હાલમાં હયાત હોય તેવી કોઇ શક્યતાઓ રહેલી નથી. આમ છેલ્લા ૧૫ વરસ કરતા વધુ સમયથી વાદીનો પુત્ર પરાગંધા એટલે કે ગુમ થયેલ હોઈ જો તેમને મરણ જાહેર કરવામાં ના આવે તો વાદી તેમની જમીનનો યોગ્ય રીતે વહિવટ કરી શકે નહિં. ભારતીય પુરાવા કાયદાની જોગવાઈઓ મુજબ પણ જે વ્યક્તિનો સાત વરસથી વધુ સમયથી કોઇ અતો પતો કે ભાળ મળી શકતી ના હોય તો તેવી વ્યક્તિને મરણ ગયેલ જાહેર કરી શકાય છે. જેથી કાયદાની જોગવાઈઓને ધ્યાને લઇને વાદીના પુત્ર નામે પ્રેમજી સંતરામ કાપડીને કાયદા મુજબ મરણ ગયેલ જાહેર કરવી આ કોર્ટને જરૂરી અને ન્યાયી જણાય છે. આમ ઉપર કરેલ ચર્ચા મુજબ દાવા અરજી, દસ્તાવેજી તથા મૌખિક પુરાવો જોતાં વાદીનો પુત્ર સને ૨૦૦૨ થી પરાગંધા (ગુમ) થયેલ છે. પુરતો પ્રયત્ન કરવા છતાં તેમનો કોઇ પતો મળતો નથી તેવું સાબિત કરવામાં વાદી પક્ષ સફળ થતા હોઈ મુદા નં.૧ અને ૨ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

**<u>મુદ્દા નં.૩ અને ૪ ની ચર્ચા:–</u>**

12. ઉપર મુદ્દા નં. ૧ અને ૨ માં કરેલ ચર્ચા મુજબ બંને મુદ્દા વાદી પક્ષે સાબિત કરે છે તેવા સંજોગોમાં વાદી તેમની દાવા અરજીના પેરા–૭ માં માંગ્યા મુજબની દાદ મેળવવા હકદાર બને છે અને તેથી મુદ્દા નં.૩ નો જવાબ હકારમાં આપી મુદદા નં.૪ અંગે ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે–

**:: આખરી હુકમ ::**

(1) વાદીનો હાલનો દાવો મંજુર કરવામાં આવે છે.

(2) આ કામના વાદીનો પુત્ર નામે પ્રેમજી સંતરામ કાપડી તા.૦૨/૦૭/૨૦૦૨ ના રોજ ગાંધીધામથી ગુમ થયેલ છે અને તેમની વ્યાજબી અને પુરતી તપાસ તથા શોધખોળ કરવા છતાં મળી આવેલ ન હોઈ તથા મળી આવવાની કોઈ જ શક્યતા પણ ન હોઇ તેઓને આથી કાયદાકીય રીતે મરણ ગયેલ હોવાનું જાહેર કરવામાં આવે છે.

વધુમાં આ કામે ગાંધીધામ નગરપાલિકાને એવો હુકમ કરવામાં આવે છે કે તેઓએ તેમના દફતરે પ્રેમજી સંતરામ કાપડી નાઓએ ગુજરી ગયા અંગેની મરણ નોંધ પાડવી.

(3) ઉપરોક્ત હુકમ મુજબ હુકમનામું દોરવું.

(4) ખર્ચ અંગે કોઇ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજરોજ તારીખ ૦૧ માહે મે સને ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

Sd/–

**તારીખઃ– ૦૧/૦૫/૨૦૧૮** **(અર્જુનસિંહ)**

**સ્થળઃ– અંજાર–કચ્છ** **બીજા અધિક સીવીલ જજ, અંજાર**

**જજ કોડ નં.– જીજે૦૧૩૬૩**